ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

# સે. ૭ અને સે. ૨૭માંથી ડેન્ગ્યુના બે કેસ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરમાંથી ડેન્ગ્યુના બે કેસ મળી આવતાં શહેરમાં આ રોગના દર્દીઓની સંખ્યા ૩૯ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૭ અને સે. ૨૭માંથી આ બે કેસ મળી આવ્યા છે. સે. ૭માંથી એક ગૃહીણીને ડેન્ગ્યુ પોઝીટીવ આવ્યો છે જ્યારે સે. ૨૭માંથી એક પુરૂષ દર્દીને ડેન્ગ્યુ પોઝીટીવ જણાયેલ છે.

તંત્ર દ્વારા મળી આવેલા બે દર્દીઓના ઘરની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે. જો કે કોઈ અન્ય શંકાસ્પદ દર્દી મળી આવેલ નથી.

તંત્ર દ્વારા બન્ને દર્દીના ઘરે ફોગીંગ તથા એન્ટી લારવેલની પણ કામગીરી કરવામાં આવેલ છે. શહેરમાં ડેન્ગ્યુના છુટા છવાયા કેસોની વચ્ચે સે. ૩૦માંથી આ વખતે વધુ કેસ મળતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે. જો કે સે. ૩૦ ડેન્ગ્યુ માટે સંવેદનશીલ ગણવામાં આવે છે જે નોંધનીય છે.



દિવાળી વેકેશન સંપન્ન - દિવાળી વેકેશન પૂર્ણ થતાં શહેરની સેંટ ઝેવિયર્સ અને માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં શૈક્ષણિક કાર્ય આરંભાયું હતું... વેકેશન બાદ શાળાએ આવતા બાળકોના ચહેરા પર ઉત્સાહ વર્તાતો હતો.... વેકેશનમાં પ્રવાસની અને ઉજવણીની વાતો દ્વારા પોતાનો ઉત્સાહ વ્યક્ત કરતા બાળકો નજરે પડતા હતા....

# ગાંધીનગર અક્ષરધામ રજત જયંતિ મહોત્સવની સાથે સાથે...

- વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા પૂ. મહંત સ્વામીના હસ્તે મયુરદ્વારનું ઉદ્‌ઘાટન કરાયું
- વડાપ્રધાન તથા મહંત સ્વામી દ્વારા નીલકંઠવર્ણીનો અભિષેકવિધિ કરાયો.
- વડાપ્રધાન, મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી સહિત તમામે 'અક્ષરધામ સનાતનમ્' શૉ નિહાળ્યો.
- અક્ષરધામ મહામંદિરના ગર્ભગૃહમાં ભગવાન સ્વામિનારાયણને ચરણે પુષ્પાંજલિ અર્પણ કરાઈ.
- પૂ. બ્રહ્મવિરાહીદાસ સ્વામીએ સ્વાગત ઉદ્‌બોધન કર્યું.
- વડાપ્રધાનના પ્રાસંગિક ઉદ્‌બોધન બાદ વરિષ્ઠ સંતો દ્વારા અક્ષરધામગાથા રજૂ કરાઈ.
- અક્ષરધામ ગાથામાં અક્ષરધામ નિર્માણનો ઈતિહાસ તથા સ્વયંસેવકોની સેવા વણી લેવાઈ.
- માનવી જીવન પરિવર્તનમાં અક્ષરધામની ભૂમિકા રજૂ કરાઈ.
- અક્ષરધામ સંકલ્પને પરિપૂર્ણ કરવા પૂ. પ્રમુખ સ્વામીની પ્રેરણા અને યોગદાનને યાદ કરાયું.
- છેલ્લા ૨૫ વર્ષમાં અક્ષરધામની યાત્રાએ પધારેલા યાત્રિકોના સ્વાનુભાવો વ્યક્ત કરાયા.
- અંતમાં પૂ. મહંત સ્વામી મહારાજે આશિર્વચન પાઠવ્યાં.




## બેસણું

મારા ધર્મપત્ની **અ.સૌ.માલતીબેન ભાલચંદ્ર રાવલ** (ચક્ષુદાતા) તા.૦૧-૧૧-૨૦૧૭ ને બુધવારના રોજ દેવલોક પામ્યાં છે. **સદ્‌ગતનું બેસણું તા.૦૩-૧૧-૨૦૧૭ ને શુક્રવારના** રોજ સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : સૌરાષ્ટ્ર લેઉવા પટેલ વાડી, પોલીસ સ્ટેશનની સામે, સેક્ટર-૭, ગાંધીનગર.

લિ. ભાલચંદ્ર કેશવલાલ રાવલ (પતિ)

હિતેષ ભાલચંદ્ર રાવલ (પુત્ર-એડવોકેટ) — જીજ્ઞા હિતેષ રાવલ (પુત્રવધુ)

પુજન હિતેષ રાવલ (પૌત્ર) — વિધી હિતેષ રાવલ (પૌત્રી)

મયુરકુમાર વી. શુક્લ (જમાઈ) — ફાલ્ગુની મયુરકુમાર શુક્લ (પુત્રી)

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.

લી. સ્વ.પ્રહલાદજી રણછોડજી ત્રિવેદી પરિવાર


# જિલ્લામાં ૪૯૩ વ્યક્તિઓને જામીનપાત્ર વૉરંટની બજવણી કરાઈ

**૬૧૪ પરવાનેદારોએ તેમના હથિયાર જમા કરાવી દીધા છે : બે પરવાનેદારોએ મુક્તિ માંગતી અરજી કરી છે**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની પાંચ બેઠકોની સામાન્ય ચૂંટણી માટે પોલીસ તંત્ર દ્વારા અત્યાર સુધીમાં ૪૯૩ વ્યક્તીઓને જામીનપાત્ર વોરંટની બજવણી કરી દેવામાં આવી છે.

જિલ્લા કલેક્ટરશ્રીએ જણાવ્યું છે કે ૧૧૮ વ્યક્તિઓને આ વોરંટની બજવણીની કામગીરી હાલ ગતિમાં છે અને એકાદ પખવાડિયામાં તે સંપન્ન કરી દેવામાં આવશે.

જિલ્લામાં સંવેદનશીલ અને વનરેબલ મતદાન મથકો નિયત કરવા માટેની મેપીંગની કામગીરી ચાલી રહી છે. ઉમેદવારો નિયત થયા ન હોવાથી તે કામગીરી ચાલુ છે.

ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર સતીષ પટેલે પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે, ગાંધીનગર જિલ્લામાં ગુજરાત વિધાનસભા-૨૦૧૭ની સામાન્ય ચૂંટણી મુક્ત અને ન્યાયી રીતે યોજાય તે માટે જિલ્લા વહીવટીતંત્ર કટિબદ્ધ છે.

તેમણે જણાવ્યું હતુ કે જિલ્લામાં ૮૪૦ પરવાનેદારોમાંથી ૬૧૪ પરવાનેદારોએ તેમના હથિયાર જમા કરાવી દીધા છે. બે પરવાનેદારોએ તેમને મુક્તિ આપવા માટે અરજી આપી છે જે હાલ વિચારાધીન છે.

જિલ્લા કલેક્ટરશ્રી જણાવ્યુ છે કે સુવિધા અને સમાધાન એપ પણ કાર્યાન્વીત થઈ ગઈ છે. સુવિધામાં અત્યાર સુધીમાં ૧૦ જેટલી મંજૂરી માંગતી અરજીઓ મળી છે પણ તે સામાજિક પ્રસંગોને લઈ છે. જો કે બધી જ અરજીઓનો સકારાત્મક નિકાલ કરવામાં આવેલ છે.


**Gujarat State Petronet Limited**

Corporate Identity Number : L40200GJ1998SGC035188

**Regd Office:** GSPC Bhavan, Sector-11, Gandhinagar - 382 010 **Tel:** +91-79-66701001 **Fax:** +91-79-23236477 **Website:** www.gspcgroup.com **Email:** investors.gspl@gspc.in

**NOTICE**

Pursuant to Regulation 47 (1) of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, Notice is hereby given that the Meeting of the Board of Directors of the Company will be held on Monday, the 13th November, 2017, inter-alia, to consider and take on record the Un-audited Financial Results of the Company for the quarter and half year ended on 30th September, 2017.

The said intimation is also available on the Company's website viz. www.gspcgroup.com and may also be available on the website of Stock Exchanges at www.bseindia.com and at www.nseindia.com.

For Gujarat State Petronet Limited
sd/-
Reena Desai
Company Secretary

Place: Gandhinagar
Date: 2nd November, 2017



## બેસણું



અમારા પૂજ્ય ભાઈશ્રી **દિલીપભાઈ દોલતરામ નાનકાનીનું** તા. ૧/૧૧/૨૦૧૭ને બુધવારના રોજ અવસાન થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૩/૧૧/૨૦૧૭ને શુક્રવારે સાંજે ૫-૦૦ થી ૬-૦૦ કલાક** દરમિયાન નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : સિંધુધામ, ઝુલેલાલ મંદિર, સેક્ટર-૩૦, ગાંધીનગર**

લિ.

- પ્રિન્સ ફેશન પોઈન્ટ - સેક્ટર-૨૪
- કાઝલ બ્યુટી પાર્લર - મો. - ૯૭૨૩૨૭૯૧૭૧



## તૃતિય વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. બાબુભાઈ મંગળભાઈ પરમાર**

સ્વ. તા. ૩/૧૧/૨૦૧૪ (ગામ-બોરીજ)

સૂની થઈ ગઈ મનની દિવાલો,
સૂના થઈ ગયા ઘરના આંગણીયા
કોને કહીએ અંતરની વાત,
સાંભળનાર હવે નહીં મળે,
છાને ખૂણે રડી લઈશું,
આંસુ લુછનાર હવે નહીં મળે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે....

**શોકાતુર**

પુષ્પાબેન બાબુભાઈ પરમાર (પત્ની)
ચેતના (પુત્રી) — ટ્વિંકલ (પુત્રી)
સમીર કુમાર (જમાઈ) — નિરવ (પુત્ર)



# વેસ્ટર્ન એગ્રી સીડ્સ લીમીટેડના મેનેજીંગ ડીરેક્ટર

# શ્રી એન.પી.પટેલને



**KEISIE INTERNATIONAL UNIVERSITY, SOURTH KOREA**

દ્વારા કુઆલાલમ્પુર, મલેશીયા ખાતે તા. ૧૪/૧૦/૨૦૧૭ના રોજ ડોક્ટર ઓફ ફીલોસોફી ઈન એગ્રીકલ્ચરની માનદ ડિગ્રી અને ગોલ્ડ મેડલ મેળવવા બદલ

**અભિનંદન પાઠવીએ છીએ....**

## શુભેચ્છક

- નેશનલ સીડ એસોસીએશન ઓફ ઈન્ડીયા
- ગુજરાત સ્ટેટ સીડ્સ પ્રોડ્યુસર્સ એસોસીએશન
- ગુજરાત સીડ વેલી ફેડરેશન
- વેસ્ટર્ન એગ્રી સીડ્સ લી. પરિવાર
- વેસ્ટર્ન બાયો વેજીટેબલ સીડ્સ (પ્રા.) લી.
- જયનીત સીડ્સ કંપની (પ્રા.) લી.
- ગ્રીન ઈન્ડીયા સીડ્સ કંપની
- એન. પી. સીડ્સ ઈન્ડસ્ટ્રીઝ
- નીરાવીન ઓર્ગેનીક પ્રા. લી.
- શક્તિ વિજ્યા ઓવરસીઝ
- જી.આઈ.ડી.સી. (એન્જી.) એસોસીએશન
- પ.પૂ. પ્રાગદાસ બાપાની રામવાડી અન્નક્ષેત્ર ટ્રસ્ટ
- અનંતહર્ષ ભગવાનદાસ મેમોરીયલ ટ્રસ્ટ
- અન્નપૂર્ણા ધામ
- સરદાર પટેલ કન્યા છાત્રાલય
- તંત્રી - કૃષિકર્મ મેગેઝીન
- જુનીયર સીટીઝન કાઉન્સીલ
- રોટરી કલબ
- કલા ગુર્જરી
- કલ્ચરલ ફોરમ
- શિવરંજની
- ગુજરાત એગ્રીઅન એસોસીએશન
- ઉત્સવ સમિતિ, સે.૧
- સૌરાષ્ટ્ર - કચ્છ મિત્ર મંડળ
- સમસ્ત પાટીદાર સમાજ
- સંસ્કૃતિ સંસ્થા
- લોકસેવા ફાઉન્ડેશન
- ગાંધીનગર સમાચાર
- ઉમિયા પ્રીન્ટીંગ પ્રેસ
- કેપીટલ ઓફસેટ પ્રેસ
- ગાંધીનગર સાહિત્ય પરિષદ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com